

વર્ષ ૩ અંક ૩
શ્રીઅપરા
એકાદશી વ્રત

વૈશાખ વદ ૧૧,
૨૦૬૬

તાત તણો પ્રતિબિંબ રે રસના



અનુક્રમણિકા

राग इमन

मन रह्योरी एही भांत जू लग्यो ध्यान धरन ।।
जो तू कहे ओर क्यों रहे तो लीला सूरन करन ।। १ ।।
इनकी यह गति समझरी रसना लागी नाम करन ।।
वृन्दावन तन परसै सुख पावै नेनन देखे श्रीवल्लभ चरन ।। २ ।।

શ્રીગોકુલેશ પાઠશાળા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમૈં કરત વિહાર;

નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જૌ સુખ દૈ સદા અપાર;

ઐસૈ સુખ સાગર શ્રીરાયજું, રાખૈ સદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કૈ શ્રીરાયપ્રભુ, રાખૌ શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

જ્યારે એવી વાત આવે કે શ્રીગોકુલ ગામકૌ પેંડૌહી ન્યારૌ, ત્યારે ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુની સૃષ્ટિમાં સવિશેષે 'અનન્યતા'નો વિચાર સહજ રીતે આવી જાય છે. અનન્યતા ઉપર વધુ જોર સહજતાથી દષ્ટિગોચર થાય છે. કેમકે 'અનન્યતા' એટલે 'પતિવ્રતાધર્મ', શ્રીગોકુલેશ પ્રભુ આપણા સ્વામી એટલે તેમના જ સ્વરૂપમાં અનન્યભાવે દઢાસક્તિ રાખી તેમાં જ સર્વસ્વ માની લેવું, આપશ્રીના સ્વરૂપ સિવાય અન્ય સ્વરૂપ પ્રત્યે ભાવ જાગ્રત ન થાય, એવો સહજ ભાવ અનન્યતામાં રહેલો છે. પણ તેનો અર્થ એ નથી કે અન્ય સ્વરૂપનું અપમાન કરવું, અથવા તો હીન દષ્ટિએ જોવો.

સંપ્રદાયમાં એક વિલક્ષણ સંપ્રદાય સ્વરૂપે શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપને જોવામાં આવે છે. જેટલો વિપુલ સાહિત્ય આપણા પુષ્ટિમાર્ગમાં પ્રગટ થયેલો છે, એટલોજ વિલક્ષણ સાહિત્ય શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણના સ્વરૂપ વિષે પ્રગટ થયેલું છે. તેથી જ અનન્ય સૃષ્ટિ શ્રીગોકુલેશ પ્રભુને અનન્ય ભાવે સ્વરૂપાસક્તિ સહિત ભજે છે, જે શુદ્ધ પુષ્ટિની અવસ્થા સુધી પહોંચવા સક્ષમ છે. શ્રીગોકુલેશ પ્રભુમાં જ સ્વરૂપરસમાં મસ્ત રહે છે, રાત દિન આપશ્રીની જ સ્ફૂર્તિમાં ડૂબ્યા રહે છે, એ જ અનન્યતા. અને તે જ ફલરૂપ થાય છે.

एक साधे सब सधै सब साधे सब जाय। એ કહેવત મુજબ એક જ આશ્રય દઢ રીતે ગ્રહણ કરી તેને જ અનુસરે તેનું બધું કાર્ય સિદ્ધ થાય. પણ બધે જ ચર્ષણીની જેમ ભ્રમણ કર્યે રાખે તે બધેથી જાય. માટે આવી ઉચ્ચ ભાવના યુક્ત અનન્યતા જ ફલપ્રદ છે અને આપશ્રીના ૭૮ ભગવદીયો એ જ અનન્યતાનું નિરૂપણ કરે છે. જે શ્રીગોકુલેશ પ્રભુના સમયમાં અનન્યભાવ હતો, તે આજે પણ જોવા મળે છે. શ્રીગોકુલેશ પ્રભુએ સ્વ-સેવક-સૃષ્ટિને પોતાના કૃપાબલથી સિંચન કરી અને અનન્ય ભક્તિનું દાન પ્રદાન કર્યું છે, અને આજે પણ કરી રહ્યાં છે.

આપણે એજ શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુના ઘરના અનન્ય સેવક-વૈષ્ણવો છીએ, તેથી અન્યથી આપણે અલગ છીએ. દેખાવ-આકારમાં નહિં, પણ અનન્યભાવમાં. પણ જે અનન્ય ભગવદીયોએ અનન્યભાવનું આચરણ કર્યું તેનું આપણે પણ કરી રહ્યાં છીએ. વિલક્ષણ ભગવદ્ સ્મરણ, વિલક્ષણ સાથે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસારનું ઊભું

દ્વિરેખ દંડાકાર તિલક ધારણ કરીએ છીએ. કોઇક વિરોધીને ખૂંચે, તેથી આપણે શું ? કોઇકને વાળાબંદી લાગે, તો તેમાં આપણો થોડો વાંક ? સામે વાળાની મંદબુદ્ધિનો વિષય છે.

શ્રીગોકુલેશ પ્રભુના ઘરની અનન્યભક્તિ સમજવા માટે બાહ્યાડંબર રહિત અને આંતરનિષ્કપટભાવ સહિત શ્રીગોકુલેશ પ્રભુને ભજીએ ત્યારેજ આ ઘરની અનન્યતાને સમજમાં આવશે. બાકી તો પછી આસુરીપણાને સાથ રાખી કેવળ વ્યર્થ ટીકા કરશે. શ્રીમહાપ્રભુજીએ માર્ગની સ્થાપના કરી, ઊભયપ્રભુચરણ શ્રીગોપીનાથજી-શ્રીગુસાંઇજીએ માર્ગનો વિસ્તાર કર્યો અને માર્ગમાં ભાવપોષણ કર્યુ હોય તો સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણે કર્યું છે. તેથી જો માર્ગમાં શ્રીમહાપ્રભુજી પછી ઊભયપ્રભુચરણ અને ત્યારબાદ કેવળ અને કેવળ ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણની આજ્ઞા માનવંતી છે.

તદરૂપ સ્વરૂપ એટલે શ્રીમહાપ્રભુજીનુંજ પ્રતિબિંબ સ્વરૂપ એટલે શ્રીગોકુલેશ પ્રભુચરણ. સનાતનધર્મનો અતિમહત્વનો ભાગ એટલે શ્રીમાલા-તિલક, જેના રક્ષણહાર. શ્રીગોકુલેશ પ્રભુચરણે કેવળ પુષ્ટિમાર્ગ જ નહિં, પરંતુ સમસ્ત સનાતન ધર્માનુયાયી વૈષ્ણવ સૃષ્ટિની શ્રીમાલા-તિલકનું રક્ષણ કરી રક્ષા કરી છે. એવા શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય સેવક હોવાનું આપણે સૌને ગૌરવ છે.

આપણા શ્રીગોકુલેશ પ્રભુના ઘરમાં બિરાજમાન શ્રીમાન્ ચતુર્થપીઠાધીશ્વર શ્રીકન્હૈયા પ્રભુ આપશ્રી પણ જ્યારે આ ઘરના અનન્ય સેવક-વૈષ્ણવોના લલાટમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર કરેલ દ્વિરેખ દંડાકાર તિલક જુએ છે, તો આપશ્રી રોમાંચિત થઇ જાય છે, અને એક સમયે તો આપશ્રીના શ્રીમુખમાંથી આ કીર્તન નિ:સૃત વહેવા લાગ્યું:

શ્રીગોકુલપતિકે પ્યારે આયે મેરે પરમ મનોહર

સુંદર દીસત મસ્તક દંડાકારી।

વિવેક અનન્યતા કહીયે તુલસીમાલ ગલેમેં ધારી ।।૧ ।।

ઓર નહીં મુખકો સંભાષણ વલ્લભ નામ ઉચારે ।

હૃદયકમલમેં સ્વત:નિરંતર શ્રીગોકુલેશ ચિત્ત ધારે ।

વિઠ્ઠલ કહે પ્રભુ ગોકુલેશ પ્રભુ જીવન પ્રાણ હમારે ।। ૨ ।।

શ્રીગોકુલેશ પ્રભુ ચતુર્થકુમાર છે, સાથેજ શ્રીયમુનાજી ચતુર્થપ્રિયા છે, શ્રીયમુનાજીનો ઉત્સવ આવી રહ્યો છે, તેની સૌ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી અનન્યજનોને અનેકાનેક વધાઇ.

જયતિ યમુના જીવનરૂપ વલ્લભસંગ રંગની, મદનકેલ રસનું રેલ મોહન પ્રેમની;

ગોકુલલીલારસરસિલા ભક્ત સંગની, પ્રીતકરણ રસદાન પ્રેમપાન સ્નેહદાયિની;

નિત્ય આશ ચરણપાસ મુખવાલસની, હરિદાસ પૂરણ આશ તુમ સમીપવાસિની.

ભાવત્ક :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૬ વૈશાખ વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૬ જેઠ સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)

જૂન ૮, ૨૦૧૦ થી જૂન ૨૧,૨૦૧૦

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૧ - વૈશાખ વદ	મંગળ	જૂન-૮	શ્રીઅપરા એકાદશી વ્રત।
૧૨	બુધ	૯	
૧૩	ગુરુ	૧૦	
૧૪	શુક્ર	૧૧	
૩૦	શનિ	૧૨	
૧ - જેઠ સુદ	રવિ	૧૩	
૨	સોમ	૧૪	
૩	મંગળ	૧૫	
૪-૫	બુધ	૧૬	
૬	ગુરુ	૧૭	
૭	શુક્ર	૧૮	
૮	શનિ	૧૯	
૯	રવિ	૨૦	
૧૦	સોમ	૨૧	શ્રીગંગા દશમી, શ્રીયમુનાજીનો ઉત્સવ। (આપણા માર્ગમાં આજનો દિવસ શ્રીયમુનાજીના ઉત્સવરૂપે માન્યો છે)

દુઃખોમાં ભગવાનનો પણ નિત્ય સાક્ષાત્કાર થાય છે, કારણકે દેહ વિગેરે વિષયોને ત્યજી ચિત્ત તેમાં (ભગવાનમાં) જાય છે.

(શ્રીસુબોધિનીજી ૩.૨૫.૨૩)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

ગઢામાં નિવાસ

...ગતાંકથી આગળ

શ્રીપ્રભુ અને ભક્તનો પરસ્પર વિરહ-સ્નેહ :-

શ્રીગુસાંઈજીએ એ દ્વારા સ્વજનોને પોતાના શ્રીગોકુલેશ પ્રભુ પ્રત્યેના અપૂર્વ પ્રેમનું તથા એ સ્વરૂપના જ્ઞાનનું સૂચન કર્યું. જેને જે સ્વરૂપમાં અનુભવ તેને તે સ્વરૂપનો તાપ કેમ ન હોય? જેને શ્રીગોકુલેશ પ્રભુ પોતે પોતાના સ્વરૂપનો ધર્મ જણાવે તેને એ સ્વરૂપ સન્મુખ છતાં વિરહ ઊપજે તો પછી વિયોગમાં ઊપજે એમાં તો શું આશ્ચર્ય? એ સ્વરૂપના વિયોગમાં ભક્તજનને વિરહ ઊપજે એ તો ઠીક, પણ ભક્તજનના વિયોગથી શ્રીગોકુલેશ પ્રભુને પણ વિરહ થાય છે, પણ આ પ્રેમમાર્ગમાં એ કાંઈ અવનવું નથી. આ માર્ગના અભ્યાસીઓને ભક્તજનના વિરહથી પ્રભુનો વિયોગ થવાનાં અનેક દૃષ્ટાંત વિદિત છે.

દા.ત. પરમ ભગવદીય ગજ્જનધાવનજીનો વિરહ શ્રીઠાકોરજીને એવો થતો હતો; એમના સિવાય શ્રીઠાકોરજી એક ક્ષણ પણ રહી શક્તા નહિં, એવી જ રીતે એઓ પણ શ્રીઠાકોરજીથી એક ક્ષણ દૂર થતાં દેહાનુસંધાન રહિત થતાં. એક વખતે શ્રીઅક્કાજીએ ઘરમાં કોઈ બીજું માણસ નહિં હોવાથી એમને પાનની સામગ્રી લેવા મોકલ્યા. આજ્ઞા માથે ચડાવી એ પાન લેવા નીકળ્યા, પણ જેવા ઘરનાં ચોકમાં જતાં જ બેભાન થઈ પડ્યા. આ વાત અક્કાજીને ખબર પડી નહિં, પણ જ્યારે એઓ શ્રીઠાકોરજીને રાજભોગ ધરવા પધાર્યા ત્યારે શ્રીપ્રભુએ ગજ્જનધાવન સિવાય રાજભોગ આરોગવાની ના પાડી, એટલું જ નહિં, પોતાના નેત્રમાંથી થયેલો અશ્રુપાત બતાવ્યો.

આ જોઈ શ્રીઅક્કાજીને ગજ્જનધાવનને મોકલવા માટે ઘણો પશ્ચાત્તાપ બતાવ્યો. એમણે એકદમ તપાસ કરાવી તો માલૂમ પડ્યું કે શ્રીઠાકોરજીના વિરહથી એઓ તો દેહાનુસંધાન-રહિત થઈ પડેલા હતા. પછી એમને જાગ્રત કરી શ્રીઠાકોરજી પાસે લાવવામાં આવ્યા અને એ પછી જ શ્રીઠાકોરજી રાજભોગ આરોગ્યા. આવાં અનેક દૃષ્ટાંત છે. શ્રીગોકુલેશ પ્રભુના સંબંધમાં પણ એક વખત એક ભક્તજનના વિરહથી શ્રીઅંગ કૃશ થતું હતું. શ્રીશોભાજી વગેરેએ દવા કરવા માંડી પણ તેથી શું વળે? જ્યારે એ ભક્ત મળ્યો ત્યારે જ વિરાગ્નિ શાંત થયો અને જ્વર ગયો.

ભક્તજનોનાં અલૌકિક શરીર :-

આ ઉપરથી આપણે સૌ સમજી શકીએ કે આપણો આ શ્રીમહાપ્રભુ પ્રગટિત પુષ્ટિમાર્ગ એ ખરેખરો પ્રેમમાર્ગ છે અને તદનુસાર એમાં આગળ પ્રયાણ કરવા માટે આર્તિ અને વિરહ એ સિવાય બીજું કાંઈ જ સાધન નથી. જ્યારે આર્તિ અને વિરહાગ્નિ વડે વિષયોને ભસ્મીભૂત કરી ભક્તજનો પોતાની સકલ ઈન્દ્રિયોનો સ્વપ્રભુ વિશે નિરોધ કરે છે ત્યારે જ શ્રીપ્રભુ પોતે એના હૃદયમાં પ્રગટ થઈ બિરાજે છે. અને એને પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે છે.

આમ થતાંની સાથેજ ભક્તજનનો ગુણમય દેહ તથા વિષયોમાં પચેલી ઈન્દ્રિયો લૌકિક મટી અલૌકિક થાય છે. એટલે કે બાહ્ય સ્વરૂપમાં કોઈપણ જાતનો ફેરફાર થયા સિવાય આવા ભક્તજનોનાં દેહ તથા ઈન્દ્રિયો સામાન્ય મનુષ્યોના દેહ તથા ઈન્દ્રિયોથી ભિન્ન હોય છે, એઓને પાર્થિવ શરીરોના નિયમો લાગુ પડતા નથીઃ એઓનાં દેહ અને ઈન્દ્રિયોને પોતાની મરજીમાં આવે એમ વાપરી શકે છે અને સામાન્ય જનસમાજ હેબક પામે એવાં કર્યો કરી શકે છે.

એમની કૃતિ પર દોષારોપણ કરવામાં સાવધાનતા :-

આ કારણને લીધે જ સામાન્ય મનુષ્યો પોતાના દાખલા પરથી અનુમાન કરી, એવા ભક્તજનોનાં કાર્યોનું બાહ્યસ્વરૂપ જોઈ એમના ગુણાતીત દેહ ઈન્દ્રિયનો વિચાર કર્યા સિવાય થતા એમનો આંતર હેતુ સમજ્યા સિવાય એમના પર પોતાની અલ્પબુદ્ધિથી અથવા ગતાનુગતિક ન્યાય પ્રમાણે બીજાઓની ઉશ્કેરણીથી મનમાં આવે એવા દોષારોપણ કરે છે, આથી જેમ સૂર્ય સામે ધૂળ નાખવાથી નાખનાર અને એના સાથીઓને જ નુક્સાન થાય છે તેમ એ મહાન ભક્તજનોને તો કાંઈ પણ હાની થતી નથી, પરંતુ એમના પર દોષારોપણ કરનાર તથા એમાં ભાગ લેનારાઓ જ દુઃખ ભોગવે છે અને વસ્તુ સ્વરૂપથી સદાને માટે દૂર જ રહે છે.

વિદાય થવા માટે યોજેલી યુક્તિ :-

હવે આપણે મૂલ વિષય પર પાછા આવી જઈએ. શ્રીગુસાંઈજીનાં બીજાં લગ્ન પછી ગઢામાં બિરાજ્યે આશરે ત્રણ વર્ષ થયાં અને જ્યારે શ્રીગોકુલેશ પ્રભુએ કિશોરાવસ્થામાંથી યુવાવસ્થાનો અંગીકાર કર્યો ત્યારે આપશ્રીએ વિચાર્યું કે એ અવસ્થાનું દાન વ્રજભક્તોને છે અને તેથી એની સિદ્ધિ માટે ત્યાં જવું જોઈએ, પણ દુર્ગાવતી રાણીને વિદાય થવાનું કહેવાય પણ કેમ ? એની અસહ્ય આર્તિ સર્વેશ્વર શ્રીગોકુલેશ પ્રભુ શી રીતે સહન કરે અને જુદા પડે ?

વળી જો રાણી સ્વરૂપાસક્તિ સાથે રજા આપે તો પણ બન્નેને વિરહાગ્નિમાં વ્યાકુળ થઈ એની પ્રચંડ ઝાળમાં શેકાવું પડે. રસલુબ્ધ રાણી વિદાયગીરીની આજ્ઞા શાંત ચિત્તે કેમ આપે ? એ તો કેવળ ગગનકુસુમવત્ હતું. આવા સંજોગોમાં શ્રીગોકુલેશ પ્રભુએ જોયું કે કોઈ પણ યુક્તિ વિના કાર્ય સિદ્ધ થશે નહિ, તેથી ઈચ્છાબળથી કાર્યની સિદ્ધિ અર્થે ત્યાં પણ પરરાજ્યનો ઉપદ્રવ ઊઠ્યો અને સર્વે ભય પામ્યા.

ઉપદ્રવ કેમ સંભવે ?

અત્રે સ્વાભાવિક રીતે એક અગત્યનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે : જ્યાં શ્રીગોકુલેશ પ્રભુ પોતાની લીલાસામગ્રી સહિત બિરાજે ત્યાં પરરાજ્યનો તો શું, પણ કોઈપણ પ્રકારનો ઉપદ્રવ કેમ સંભવે ? જેના એક કટાક્ષ માત્રથી અનેક બ્રહ્માંડ સરજાય છે અને નાશ પામે છે તેનાં કૃપાપાત્ર અને લીલોપયોગી ભક્તજનોને આ પ્રકારના ઉપદ્રવ એ શું ? અલબત્ત, કોઈ કહેશે કે શ્રીગોકુલેશ પ્રભુની ઈચ્છા એ જ કારણ છે, તો આવી નિજજનોને પીડારૂપ ઈચ્છા શ્રીગોકુલેશ પ્રભુને શા માટે થવી જોઈએ ?

ઉપદ્રવનો હેતુ :-

અલબત્ત, શ્રીપ્રભુનું હાર્દ જાણવા કોઈ સમર્થ નથી. તો પણ એઓશ્રીનાં વચનામૃત દ્વારા ઉપરના ગંભીર પ્રશ્નનું સમાધાન થઈ શકે. શ્રીગોકુલેશ પ્રભુએ રાણીના ભાવનો અંગીકાર કર્યો હતો અને નહિ કે એના રાજ્યનો. રાજ્યનો વિનિયોગ આવે એ પ્રભુની ઈચ્છઅ નહોતી ને પ્રભુને જે વિનિયોગ ન આવે તે ભક્તને પ્રતિબંધરૂપ થાય અને તેથી

રાણીને આવા પ્રતિબંધોમાંથી મુક્ત કરવા પરમ કૃપાળુ ભક્તાધીન શ્રીગોકુલેશ પ્રભુએ નિજેચ્છાથી રાણીના હિતાર્થે જ ઉપર કહેલો ઉપદ્રવ ઉપજાવ્યો;

જો કે ઉપદ્રવ બાહ્ય દ્રષ્ટિથી રાણીનું લૌકિક રાજ્ય અને સુખનાં સાધન નાશ કર્યાં તો પણ એના અલૌકિક સુખમાં તેથી ઘણી જ સરળતા અને લાભ થયાં. શ્રીગોકુલેશ પ્રભુ નિરંતર પોતાના કૃપાપાત્ર ભક્તજનોને લૌકિકનાં બંધનોમાંથી કોઈને કોઈ પ્રકારે નિજબળથી મુક્ત કરે છે અને એ ભક્તજનોને પણ ઘણું પ્રિય થઈ પડે છે. એઓતો હરદમ આવાં બંધનોમાંથી છૂટવા પ્રયત્ન કર્યા કરે છે અને જ્યારે સ્વપ્રભુ નિજબળથી મનમાં ધારેલી ઉમેદ પાર પાડે ત્યારે તો એમના આંતર આનંદનું કહેવું જ શું?

ઉપદ્રવ અને વિદાયગીરી :-

આપણે જે ઉપદ્રવની વાત કરી તે આ પ્રમાણે હતો. અકબર બાદશાહે રાણીની પાસે એનો માન નામનો મહાવત અને ગુરદાર હાથી માગ્યો. પણ રાણી પ્રતાપી હતી અને હવે તો નીડર અને નિ:શંક બની હતી તેથી એને બાદશાહની માંગણી સ્વીકારી નહિ, આથી બાદશાહ રીસે ભરાયો. એણે પોતાના અસરફખાન નામના સરદારને લશ્કર આપી રાણીના રાજ્ય પર હુમલો કરવા મોકલ્યો. આ વખતે રાજ્યના કેટલાક સરદારોએ રાણીને હઠ છોડી બાદશાહની માંગણી સ્વીકારવા કહ્યું, પણ રાણીએ ગર્વથી માન્યું નહિં, એ દિવસથી એના રાજ્યમાં ઉત્પાત થવા લાગ્યા.

આ વાત સાંભળીને શ્રીગુસાંઈજીએ વિચાર્યું કે હવે અહીં રહેવું ઉચિત નથી, તેથી એ નિમિત્ત કરી રાણી પાસે વિદાયગીરી માંગી અને કહ્યું કે, 'અમારે ગંગાતીર જવાની ઈચ્છા છે.' રાણીએ કહ્યું: આપ શા માટે જાઓ છો? આપણે શી ચિંતા છે? સદા અહીં બિરાજો. તમારે રહેવા માટે મારે ત્યાં ગઢ ને જગા ઘણી છે. શ્રીગુસાંઈજીએ કહ્યું કે તમે મારું કહ્યું માનો. રહેવાનાં સ્થાન તો ઘણાં છે, પણ અમારે ગંગાતીર જવું છે. બુદ્ધિમાન રાણીએ મનમાં પ્રેમ લાવી, શ્રીગોકુલેશ પ્રભુને વાત્સલ્યભાવનું આવશ્યક જાણી અંતરમાં વિરહ પરિતાપ હોવા છતાં તથા પ્રેમથી પરવશ થહેલી છતાં શ્રીગોકુલેશ રક્ષણાર્થે અને સુખાર્થે શ્રીગુસાંઈજીને વિદાય થવાની ન-છૂટકે રહા આપી.

આ વખતે રાણીને જે દુ:ખ થયું હશે તે તો રસના અનુભવી જ કાંઈક વિચારી શકે, અન્યને તો એની ગંધ પણ ક્યાંથી? પછી સં. ૧૬૨૧માં શુભ મુહૂર્ત જોઈ વિજયનું નક્કી કર્યું. શ્રીમુખનાં વચનામૃત છે કે અમે ગયા, પણ રાણી દુ:ખ પામી, કહેતાં નેન ભરાઈ આવે છે, ભાવ ઉરમાં સમાતા નથી.

ત્યાં રાણી દુર્ગાવતી અતિ સોહાગી;
મહા રસિકને અતિશય પ્રેમ પાગી. ૧૯
ઉરઝી રહે સ્વરૂપ શું સ્નેહ લાગી;
પ્રભુને પરસી રહી પ્રથમ સૌ વિષય ત્યાગી. ૨૦
હવી પરમ અનન્ય સમજે ન અન્ય;
એ કેવલ રસરૂપ, નહિ ભાવ ભિન્ન. ૨૧ (પ્રાગટ્ય સિદ્ધાંત માંગલ્ય ૨૦)

જેમ જેમ પધારવાનું મુહૂર્ત પાસે આવતું ગયું તેમ તેમ રાણીને દેહ, ગેહ અને વૈભવ પર અરુચિ વધતી ગઇ. એ કહે કે શ્રીગોકુલેશ પ્રભુના પધાર્યા પછી દ્રવ્ય, સામગ્રી, રાજ્યના સાજ મારે સા કામનાં છે ? આવી રીતે રાણીને ભાવીના વિરહનો અસહ્ય તાપ થવા લાગ્યો, પણ શ્રીગોકુલેશ પ્રભુએ એમના હૃદયમંદિરમાં દર્શન આપી ભાવ સ્થિર કર્યો અને રાણીને શાંત કર્યા (આ ઠેકાણે કંસનાશાર્થે મથુરા પધારતાં શ્રીકૃષ્ણ અને વ્રજવનિતાઓની સ્થિતિનું સ્મરણ આપણને ઉપયોગી થશે.)

આ પ્રમાણે રાણીને શાંતિ વળતાં એણે શ્રીગોકુલેશ પ્રભુને વિદાય કરવાની તૈયારી કરી ત્યાંથી મુહૂર્તના દિવસે શ્રીગુસાંઇજીએ સપરિવાર વિજય કર્યો. રાણીએ સુખનાં અનેક સાધન જેવાં કે પાલખી, રાવટી, ઘોડા વગેરે આપ્યાં અને જોડે આધારદાસ નામના ઉમરાવને ઘણા સૈન્ય સાથે વળાવવા મોકલ્યો, એને હરકોઇ રીતે શ્રીગોકુલેશ પ્રભુ પ્રસન્ન રાખવા કહ્યું અને શ્રીગુસાંઈજીની આજ્ઞા કરે ત્યાંથી પાછા ફરવાનું જણાવ્યું. રાણી જો કે વળાવવા ગયાં, પરંતુ પ્રેમપૂરિત ભાવથી નિકટ થોભ્યાં.

અતિ ગૂઢભાવથી સ્વરૂપમાં લોભાયાં, પ્રેમથી અંગેઅંગમાં આર્તિ પ્રગટી દેહની સુરતી ભુલાઇ અને દેહ છોડવા સંકલ્પ કર્યો. એમને અસહ્ય પરિતાપ થયો. શ્રીગોકુલેશ પ્રભુ એમનો પરિતાપ જાણ્યો. એની શાંતિ અર્થે શ્રીગુસાંઇજીથી જરા દૂર આવી રાણીને પાસે આવીને કહ્યું કે ચિંતા કરશો નહિં, તમને થોડો વિલંબ છે. આવી રીતે અનેક વચનામૃતો દ્વારા રાણીને શાંત કરી. પછી શ્રીગુસાંઇજીએ વળાવવા આવેલાં અનેક ભક્તજનોનું બીડાં, પ્રસાદ વસ્ત્ર વગેરે આપી સમાધાન કર્યું અને પ્રયાણ શરૂ કર્યું. પધાર્યા ત્યારે શ્રીગોકુલેશ પ્રભુ અને રાણીએ એક બીજાને જોઇ શકાય ત્યાં સુધી સામસામાં જોયા જ કર્યું.

લડાઈ અને રાજ્યનો નાશ:-

ઘેર આવ્યા પછી રાણી રાત દિવસ શ્રીપ્રભુનાં વચનનો વિચાર કર્યા જ કરતાં. એમણે દેહને સ્થિત કરી મહાપ્રયાસે વિલંબ સહ્યો. એ દરમ્યાનમાં થોડા રોજમાં બાદશાહ અકબરનું લશ્કર આવી પહોંચ્યું ને લોકોએ શહેરમાંથી નાસવા માંડ્યું. રાણી પોતે કટાર બાંધી લડવા ગઇ. જ્યાં સુધી એના તનમાં પ્રાણ રહ્યાં ત્યાં સુધી એ તથા ગુરદાર હાથી રણમાં ઘણા બહાદુરીથી ઝૂઝયા, પણ જ્યારે ઇચ્છા અનુસાર રાણીનો દેહ પડ્યો ત્યારે એ હાથીને ઘણું દુ:ખ થયું. એનો રાણી પર એટલો તો સ્નેહ હતો કે ત્રણ દિવસ સુધી ઘાસ દાણો લીધો નહિં, એટલું જ નહિં, જલપાન સુદ્ધાં પણ ત્યજી દીધું. છેવટે રોઇ રોઇને રાણીની પાછળ ત્રીજે દિવસે એણે પણ દેહ છોડ્યો. આ લડાઇમાં રાણીનો પુત્ર વીરશાહ તથા ૪૦,૦૦૦ ઘોડા નાશ પામ્યા.

..ક્રમશ:

સંયોજન:- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાક્સુધા

।। श्रीसर्वोत्तमस्तोत्रम् ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઈજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું ઓગણીશમાં નામ *महोदार-चरित्रवान्*[१९] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં જો આપણે અનુસંધાન કરવું હોય તો આપણે મહોદાર ચરિત્રવાન્‌ને દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ આ નામની પ્રતિતી થાય. **कात्यायनि महामाये (१०.२२.४), उषस्युत्थाय गोत्रैः स्वैः (१०.२२.६), नद्यां कदाचिद् आगत्य (१०.२२.७), गन्धैःमाल्यैः सुरभिभिः (१०.२२.३), पूजां चक्रुः कुमारिकाः (१०.२२.४), वयस्यैः आवृतस्तत्र (१०.२२.८), भगवान् तद् अभिप्रेत्य (१०.२२.८).**

શ્રીગુસાંઈજી પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે જે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કર્યો, આપશ્રી મહા ઉદાર ચરિત્રવાળા છો. એવા શ્રીમહાપ્રભુજી છે, તેથી શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું ઓગણીશમું નામ **महोदार-चरित्रवान्**[१९] પ્રગટ કર્યું.

હવે કહે છે કે શ્રીમહાપ્રભુજી માત્ર દાતા હોય ત્યારે તો પાત્ર જોઈને દાન કરે, પરંતુ આપશ્રી તો ઉદારતા વાળા દાતા છો. માત્ર દાતા અને ઉદાર-દાતામાં આટલું અંતર છે કે માત્ર દાતા હોય તો તે દાન દેવામાં તીર્થનો વિચાર કરે, ફલનો વિચાર કરે, પાત્ર-અપાત્રનો વિચાર કરે; અને ઉદાર-દાતા તો પોતાના સહજ ઉદારતાના ધર્મ વડે પાત્રનો વિચાર કર્યા વિના દાન કરે. (તો આપ એવા સામર્થ્યવાળા છે કે જેને દાન કરે તે જ પાત્ર બની જાય) આ બતાવવા માટે આ નામ કહ્યું.

હવે કોઈ શંકા કરે છે કે જેમ તમે કહ્યું કે ઉદારતાને લીધે આપ તો અપાત્ર વિચાર્યા વગર દાન કરે છે, તો આ સામર્થ્ય તો શ્રીપૂર્ણપુરુષોત્તમમાં સંભવે અને શ્રીમહાપ્રભુનું પ્રાગટ્ય તો લૌકિક પ્રપંચમાં (જગતમાં) છે. અને લૌકિક ધર્મપણ બધા દેખાય છે. તો તે કેવી રીતે સંભવે ? ત્યાં કહે છે કે આપ શ્રીપૂર્ણપુરુષોત્તમ છે. તો આ બતાવવા માટે આ વિસમું નામ શ્રીગુસાંઈજી પ્રગટ કરે છે, અને આજ્ઞા કરે છે કે : **प्राकृतानुकृति-व्याज-मोहितासुर-मानुषः**[२०] શ્રીમહાપ્રભુજી, આપશ્રી પ્રાકૃત મનુષ્યનું અનુકરણ કરવાના બહાનાથી આસુરી જીવોને મોહ પમાડનારા છો.

अदेय-दान-दक्षश्च[१८] **महोदार-चरित्रवान्**[१९] ।।

प्राकृतानुकृति-व्याज-मोहितासुर-मानुषः[२०] ।। ११ ।।

ભાવાર્થ :- [१८]ભગવાન વિના અન્ય કોઈ જેનું દાન કરી શકે તેવી ભક્તિનું દાન કરવામાં સમર્થ (એવાં શ્રીમહાપ્રભુજી), [१९]અત્યંત ઉદાર ચરિત્રવાળા, [२०]પ્રાકૃત મનુષ્યનું અનુકરણ કરવાના બહાનાથી આસુરી જીવોને મોહ પમાડનારા છો.

प्राकृतानुकृति-व्याज-मोहितासुर-मानुषः[२०] **:- આપશ્રી (શ્રીમહાપ્રભુજી) પ્રાકૃત મનુષ્યનું અનુકરણ કરવાના બહાનાથી આસુરી જીવોને મોહ પમાડનારા છો.**

રાગ : સારંગ

પ્રાકૃતાનુકૃતિ-વ્યાજ-મોહિતાસુરમાનુષ પ્રભુ ।
સુર નર મુનિ ધ્યાન ધરત પાર કછુ ન પાવૈ ।।
દિવિ ભુવિ પાતાલમેં કોઉ પટતર નાહિં ।
પ્રાકૃતરૂપ દિખાય આસુર મોહ ઉપજાવૈ ।।૧ ।।
કોટિ જનમ ભટકિ-ભટકિ અબ મનમેં હાર માનિ ।
સાધન કરિ વૃથા ક્યોંહિ જનમ યહ ગમાવૈ ।।
ઓર સબ ઉપાધિ છાંડિ અસત્સંગકોં નિવારિ ।
સંશય સબ મનકૌ કાઢ્યો અપને જિય આવૈ ।।૨ ।।
વચનામૃત સ્રવન સુનૌ હરિસેવા હિતસૌ કરૌ ।
દુસ્તર ભવસિંધુ તરૌ વલ્લભ ઉર લાવૈ ।।
કહત 'ગોવિન્દ' કલિજુગમેં ઔર કછુ ઉપાય નાહિં ।
મન વચન કર્મ કરિ શ્રીવલ્લભ ગુન ગાવૈ ।।૩ ।।

શ્રીમહાપ્રભુજી, [૨૦]**આપશ્રી** પ્રાકૃત મનુષ્યનું અનુકરણ કરવાના બહાનાથી આસુરી જીવોને મોહ પમાડનારા **प्राकृतानुकृति-व्याज-मोहितासुर-मानुषः**[२०] છો.

મૂળ ટીકાનો ભાવાર્થ :- પહેલાં કહેલાં નામથી જણાવેલું સામર્થ્ય માત્ર પુરુષોત્તમમાં જ હોવાનું સંભવે છે, તેમના સિવાયનામાં (હોવાનું સંભવતું) નથી. આચાર્યશ્રીનો પ્રાદુર્ભાવ તો પ્રાકૃત પ્રપંચમાં જ થયેલો હોવાથી અને તેના ગુણો (તેઓશ્રીમાં) દેખાતા હોવાથી, પહેલાં કહેલું બધું સામર્થ્ય તેમનામાં હોવાનું કેમ સંભવે ? એવી શંકા થાય, તેથી તે દૂર કરવા, (આચાર્યશ્રી) લૌકિક પ્રપંચમાં પ્રગટ થયેલા હોવા છતાં અને તેના ગુણો (તેઓશ્રીમાં) જણાતા હોવા છતાં (તેઓશ્રી) પુરુષોત્તમ હોવાનું સિદ્ધ થાય તેવો પ્રકાર જણાવવા પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષ એ નામ કહે છે.

પ્રાકૃત સાધારણ (માણસો), તેમનું અનુકૃતિ અનુકરણ, તેમના જેવું આચરણ, તેજ વ્યાજ (છલ), તેનાથી (મોહિત) મોહ પમાડેલા છે. આસુર સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા માનુષ (મનુષ્યો) જેમણે તેવા (આચાર્યશ્રી) છે. ઈશ્વર પ્રાકૃત (પુરુષો)નું અનુકરણ કરે તે જોઈને દેવોને પણ મોહ થવાનું સંભવે, તેથી આસુર જીવોને જ મોહ પમાડનાર કેમ કહ્યા ? એવી શંકા થાય, તો જાણો કે જ્યાં પ્રાકૃતના અનુકરણથી ઉત્પન્ન થયેલો મોહ જોવામાં આવે તે આસુર મનુષ્યો છે, અથવા કંસ પૂતના વિગેરેને તે (આસુર) ધર્મના આવેશવાળા છે.

તે નીચે પ્રમાણે. તે (દેવકી) ને જોઈને (શ્રીભાગવત ૧૦.૨.૨૦) એ શ્લોકથી (દેવકીજીનો) ગર્ભ અલૌકિક હોવાથી (તેમાં) પુરુષોત્તમ છે એમ જાણીને પણ (કંસે) પાછળથી તે બંધન વિગેરે કર્યા, તે પ્રાકૃતની પેઠે જન્મ વિગેરે છે એવા જ્ઞાનને લીધે જ કર્યા. પાછળથી પણ પ્રભુનું પ્રાગટ્ય થયું છે એવું જ્ઞાન થયા પછી પણ શ્રીગોકુલમાં તેણે પૂતના વિગેરેને મોકલ્યાં. પૂતના વિગેરેએ પણ ભગવાનને પોતાનું ઘણું તેજ ઢાંકી દીધેલ બાળકને (શ્રીભાગવત ૧૦.૬.૭)

એમ ભય વિના પકડવાની જે પ્રવૃત્તિ કરી તે પણ (ભગવાને) પોતાના અલૌકિક ગુણ ઢાંકી દઈને માત્ર પ્રાકૃત બાળકની સમાન ગુણોનું અનુકરણ કર્યું તે કારણથી જ.

બ્રહ્મા વિગેરે શુદ્ધ દૈવી જીવોને લૌકિકના અનુકરણ જેવાં કે ગર્ભમાં રહેવું વિગેરેનું જ્ઞાન હોવા છતાં પણ પુરુષોત્તમ તરીકે અને પોતાનો પક્ષપાત કરનાર તરીકે (ભગવાન) સ્તુતિ કરવા યોગ્ય જ રહ્યા, પરંતુ પ્રાકૃત ગુણોનું અનુકરણ જોવાથી તેમની બુદ્ધિ બગડી નહિ. એમ આ બધું જેમ ભગવાનમાં જોવામાં આવ્યું, તેમ અહીં પણ શ્રીઆચાર્યશ્રીનું સ્વરૂપ જાણનાર ભક્તો (આચાર્યશ્રીમાં) લૌકિકનું અનુકરણ જોવા છતાં (તેમને) પોતાનો ઉદ્ધાર કરનાર તરીકે જાણતા હોવાથી (તેમને) પુરુષોત્તમ જ જાણે છે, પણ આસુર જીવોની પેઠે તેમની બુદ્ધિ બગડેલી જોવામાં આવતી નથી. એ રીતે આટલા સર્વ ગુણો (ભગવાનની) સમાન છે એમ જણાવવા ***પ્રાકૃતાનુકૃતિ-વ્યાજ-મોહિતાસુર-માનુષઃ***[૨૦] વિગેરે નામ કહેલું છે. ૧૧

સરળ સમજૂતિ :- ભગવાનના વિરુદ્ધધર્માશ્રયત્વનું સામ્ય શ્રીઆચાર્યશ્રીમાં વિદ્યમાન છે, અને તેથી આપના અલૌકિક ચરિત્રો નહિં સમજવાથી આસુરી અને અન્ય અધિકારી જીવો આપને પ્રાકૃત મનુષ્યરૂપે, યા તો વિદ્વાન પુરૂષ તરીકે ઓળખે છે. આવી રીતે પ્રાકૃત મનુષ્ય જાણી મોહિત થવામાં સોરમજીના કેશવાનંદ યાગીનું દ્ષ્ટાંત પ્રસિદ્ધ છે. સં.૧૫૩૫ના વૈશાખ વદી ૧૧ના દિને પોતાની યોગ સિદ્ધિના બળે ક્યાંક ઈશ્વરાવતાર થયાનું તેમણે કૃષ્ણદાસ મેઘનને કહ્યું. કૃષ્ણદાસ મેઘન દૈવી જીવ હોવાથી શ્રીઆચાર્યશ્રીનું શરણ સ્વીકારી આપશ્રીની સન્નિધિમાં જ સદા રહેતા હતા.

શ્રીઆચાર્યજીની સાથે કૃષ્ણદાસ સોરમજી આવ્યાં ત્યારે કેશવાનંદ યોગીજીને મળવા ગયા હતા. શ્રીઆચાર્યજી ઈશ્વરતત્વનો પરચો કૃષ્ણદાસજીએ પોતાના હાથમાં અગ્નિ રાખીને કરાવવા છતાં યોગીજી આસુરત્વ સ્વભાવે મોહિત થવાથી શ્રીઆચાર્યજીને ઈશ્વર તરીકે ઓળખી ન શક્યા. આ પ્રકારનું પ્રાકૃતની અનુકૃતિનું નિમિત્ત, ફક્ત આસુરી તેમજ અન્ય જીવોને મોહ કરવા માટે છે.

શ્રીમહાપ્રભુજી, **આપશ્રી** પ્રાકૃત મનુષ્યનું અનુકરણ કરવાના બહાનાથી આસુરી જીવોને મોહ પમાડનારા ***પ્રાકૃતાનુકૃતિ-વ્યાજ-મોહિતાસુર-માનુષઃ*** છો.

ક્રમશઃ

સંયોજનઃ- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાક્ સુધામાંથી સાભાર

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૨૪. સેવા-શિક્ષા

અબ શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ ઓરહું આજ્ઞા કરત હે જો, વૈષ્ણવકો યહ ભાવ રાખનો, જો સેવામેં અંતરાય ન હોય ઓર ભગવદીયસો અંતરાય ન હોય. ઓર સેવાકે અર્થ લૌકિક કુટુંબી, જાતિ, પાડોશી, રાજા, દેશકાલ સગરે દુઃખ સહનો. ઓર મનમેં યહ જાને જો યહ દુઃખ હે સો દેહ સંબંધી હે સો કોઇ કહા કરેગો ? ઓર ભગવદ્સેવા મોકું કહાં હૈ ? ઓર દુઃખ સુખ તો જગતમેં જહાં જાયગો તહાં યાકો સિદ્ધિ હે. પરંતુ ભગવદ્ કૃપા અપનો જાનિકે કરે તબ ભગવદીયકો ભગવદ્ સેવાકો સંયોગ બને. ઓર અપને મનમેં યહ જાને જો જહાં તાંઇ યહ દેહ હે તહાં તાંઈ દુઃખ હે, ઓર કછુ લૌકિક દુઃખ સુખ મેરે સંગ નાહીં હે.

તાતે દુ:ખ સુખ પાયકે રહે. ઓર કહે જો યહ સેવા મેરે જન્મ જન્મકો કલ્યાણ કરત હે. તાતે યા જન્મમેં દુ:ખ ભયો તો કહા ? પરંતુ ભગવદ્ સેવા તો બનત હે. તહાં લૌકિક-દ્રવ્યાદિકે લિયે જીવ દેશ દેશનપેં કીતનો દુ:ખ સહત હે. સો તો તુચ્છ પદાર્થ હે ઓર યહ મહા અલૌકિક ભગવદ્ સેવા તાકે અર્થ જો દુ:ખ પાવે તો આનંદ પાયકે સહનો. ઓર મન ભગવદ્ સેવામેં લગાય દેય !

ઓર શ્રીઠાકોરજીકી સામગ્રીમેં નેગ બાંધે સો નેત રંચક હુ ન ઘટે. અધિક બને સો કરે. પરંતુ નેગમેં ઘટતી ન કરે. ઓર અપની સામર્થ્ય દેખીકે નેગ બાંધે ઓર નેગ બાંધે પીછે ન કરે તો પ્રભુ નેગ વિના દુ:ખ પાવૈ; યહ ભક્તિમાર્ગમેં પ્રભુ નેગકી આશા કરત હે સો લૌકિક દષ્ટાંત તે જાનનો જેસે કોઇ વૈષ્ણવકો નિત્ય મહાપ્રસાદ લિવાવે સો વાકો એક દિન ઘટતી કરે તો વહ ભૂખો રહે સો ભાવ વિચારી કે નેગ બાંધનો. પીછે ઘટતી ન કરે.

ઓર જો કોઇ વૈષ્ણવ સેવામેં ચતુર હોય તો વાકો સેવામેં રાખનો. કાહુતે સેવા અધિક બનત હોય, કાહુતે સામગ્રી અધિક બનત હોય, કોઈ સુંદર માલા કરિકે જાને, કોઈ બીડા આછો બાંધિ જાને ઓર કોઇ સુગંધ અત્તર, ફૂલેલ, અરગજા ચોવાકી રીતિ ભલી રીતિ સો જાને. તિનસો સોઈ સેવા કરાવે-ઓર કાહુકો મુકુટ, કુલ્હ, ટીપારો, વાઘા વસ્ત્રનમેં ચતુરાઈ હોય તિનસો સોઈ કરાવે. સો યા પ્રકાર સો પ્રીતિપૂર્વક સેવા કરે. ઓર જામેં ગુણ બહુત હોય ઓર પ્રીતિ રંચહુ ન હોય-ન રાખે. તાસુ કછુ ન કરાવે, ઓર થોડો ગુણ હોય, પ્રીતિ તેં કરે તાસો સેવા કરાવે.

આપમેં કછું ગુણ આવડત હોય તો કોઇ વૈષ્ણવ શ્રદ્ધાપૂર્વક પૂછે તો કહે, પરંતુ આપુતે ઠોર ઠોર કહેત ન ડોલે. ઓર અપને ગુણકો અભિમાન ન કરનો. પ્રીતિપૂર્વક વૈષ્ણવકો બતાવનો ઓર આપતેં નયો વૈષ્ણવ ભયો હોય તો વાકો આછો જાનનો ઓર આપુનતેં પ્રથમ વૈષ્ણવ હુંએ વાકી કાનિ રાખની. ઓર જાને જો યહ બડે વૈષ્ણવ હે, સો યેહ બડે બડભાગી હે, મોતે બડે બડે હે ઓર પ્રભુનને ઇનકો બાલપને તે અંગીકાર કીયો હે.

ઓર ભગવદ્ દર્મ કો બડો છોડો ન જાને, કૃપા દેખે. ઓર કાહુ શરણ આવત હે સો આછી દિશા હોત હે તબ આવત હે. ઓર કાહુ કો જન્મ વ્યતિત હોય જાય, પરિ કછુ ન સમજે. સો યા પુષ્ટિમાર્ગમેં બડે છોટે કો પ્રમાન નાંહી. જો યા માર્ગમેં તો કૃપાહીકો વિચાર હે. ઓર પુષ્ટિમાર્ગમેં શરણ આયો હોય તિનકો અપનો સુજાતિ જાનનો. શરણ વિના વિજાતિ જાનીએ ઉનસો અપનો ધર્મ ગોપ્ય રાખે.

ઓર જો વસ્તુ પુષ્ટિમાર્ગમેં અંગીકાર કીયો હે તાહીકો સમર્પે સોય મહાપ્રસાદ હોય. ઓર તરકની (તડબૂચ), મૂલા, ગાજર, લસણ ઇત્યાદિ મહાનિષિદ્ધ હે ઓર વેદમેં હુ વર્જિત હે તાકો કહબુ ન લેય. ઓર શાસ્ત્રનમેં વેગન હુ નિષિદ્ધ હે. પરંતુ પુષ્ટિમાર્ગમેં તો લીયે હે. તાતે સુખેન ભોગ ધરી કે પ્રસાદ લેય. ઓર લોન ડાર્યો શાક ઓર ખીરપેં શાસ્ત્રમેં સખડી કહી હે. સો યહ પુષ્ટિમાર્ગમેં અનસખડી હે. તાકો અનસખડીકી રીતિ સો કરનો. સો અગ્નિતે ઉતારિકે પાછે શાકાદિમેં લોન ડારે. થોડો બને સો ચિંતા નહીં પરંતુ પુષ્ટિમાર્ગકી રીતિ સો કરનો. આછી ભાંતિ સો કરનો. પુષ્ટિમાર્ગકી રીત બહુત બડી હે.

ઓર માર્ગકી ક્રિયાસોં કછુ ફલ સિદ્ધિ નાંહી હે. સો ગીતાજી ૩.૩૫માં કહે હે: **स्वधर्मे निधनं श्रेय: परधर्मो भयावह:।।**

(અર્થ :- સારી રીતે પાળેલા પરધર્મ કરતાં સ્વધર્મ ઓછા ગુણવાળો હોય તો પણ તે ઉત્તમ છે. સ્વધર્મમાં મરણ સારૂ, પરધર્મ ભય લાવે છે. પરાયો ધર્મ ભય ઉપજાવે છે.) તાકો કછુ કાર્ય સિદ્ધિ ન હોય અપને પુષ્ટિમાર્ગમેં રીતિ પ્રમાન કરે. થોરો હી કરનો ઓર શ્રીઆચાર્યજી મહાપ્રભુજીકો આશ્રય કરે તો વા ધર્મતેં પ્રભુ પ્રસન્ન હોય. અપને મનમેં ઉત્સાહ સો કરે. જીતનો ધર્મ બને તિતનો કરે. પ્રભુકો આનંદ કરાવે. કાહુકી લૌકિક પ્રતિષ્ઠા દેખીકે વાકી બરાબરી ન કરે. પ્રતિષ્ઠા કે અર્થ જો

વસ્તુ હે તિનકો પ્રભુ અંગીકાર ન કરે. જદ્યપિ બડે આચાર્યજી મહાપ્રભુજીકી કાનિસો કરે તો વાહુસો શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પ્રસન્ન હોય.

ઓર અપને પ્રભુ પ્રસન્ન ન હોય તબ કીયો કહા ? તાતે પ્રભુન કો તો એક સ્નેહકી અપેક્ષા હે. ઓર શ્રીઠાકોરજીકો તો કોઇ બાતકી ઘટતી નાંહી, કેવલ વૈષ્ણવકો જેસો ભાવ હોય તેસો અંગીકાર કરે, તેસોઇ દાન કરે. તાતે વૈષ્ણવવને અપની યોગ્યતા છોડી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીકે ચરણારવિંદ કો દૃઢ આશ્રય રાખનો ઓર લૌકિક વાર્તા ચેષ્ટા દિખાય અપનો ધર્મ ગોપ્ય રાખે. જહાં લૌકિક વ્યવહાર વણજ કરીયે તામે જો ભગવદ્ ઇચ્છાતે પ્રાપ્તિ હોય તામેં તે શ્રીનાથજીકો અંશ પ્રથમ કાઢિયે તા પાછે ગુરુકો ભેટ કાઢિયે. દોઉ થેલી ન્યારી ધરીયે...શ્રીભાગવતમેં કહ્યો હે જો કાષ્ટકી પુતરીકો સંગ ન કરે.

ક્યોં કે ચિત્ર લિખી પુતરી દેખે તે વિકાર મનમેં હોય, તાતે પરાયી સ્ત્રી કો સર્વથા અપને કાલરૂપ જાને... સો યા ભાંતિસો શ્રીયમુનાજી કે જલપાન કરિવેમેં સદા ઉપાય રાખે......વૈદિક શાસ્ત્રમેં કહે હે સો યહ જગત શ્રીઠાકોરજીકો ક્રીડાભાંડ હે. સો સગરો જગત કાષ્ટકી પુતરીવત્ હે. સો પ્રભુ ઉનકુ નચાવનહારે હે.

बुद्धि-प्रेरक-कृष्णस्य पादपद्मं प्रसीदतु ।। ध्यानाऽसमर्थ-जीवानाम् अस्माकं सर्वदा स्वतः ।। १ ।।

(શ્રીભાગવતાર્થ પ્રકરણ સ્કન્ધ ૫.૧ અર્થ : ધ્યાન કરવાની આશક્તિવાળા આમ જીવો ઉપર બુદ્ધિને પ્રેરણા કરનાર શ્રીકૃષ્ણનું ચરણ કમલ પોતાની મેળે સદા પ્રસન્ન રહો. જા કે જેસી બુદ્ધિ પ્રભુ પ્રવર્તાવિસો તેસેઇ ચલે. તાતે જીવ કાહુકો દોષ ન દેખે. ઓર આછી વાત હોય તો સમજાવે ઓર ન સમુજત તો ભગવદ્ ઈચ્છા માને. દોષ બુદ્ધિ ન રાખે. યા પ્રકાર સો સઘરે જગતકો દેખે. તામે શ્રી...જી સંબંધી-વ્રજ સંબંધી યે પ્રભુનકે હે જો પ્રભુકે વિચાર વિના પ્રભુકે ગામમેં પાસે કેસે રહે ?

તાતે ઉનકો અલૌકિક કરિકે જાનનો. ઉનકી સેવા ટહલ બને સો કરે. આપ એસે ઉત્તમ સ્થલમેં અપરાધતે ડરપત રહે કાહેતે-જો ઓર ઠોરકો અપરાધ તો ઉત્તમ સ્થલ ગયેતે છુટે ઓર ઉત્તમ ઠોર કો પાપ વજ્રલેપ હોય. સો કહબુ ન છુટે ઓર તાતે અપરાધ કો સર્વથા ભય રાખે. સો કોઇ ઉત્તમ સ્થલકે જીવહે તિનકો લૌકિક ખોટી વાત કરે તિનકો અપને કાનસો સુને નહી, તબ ભાવ દૃઢ હોય તબ પ્રભુ પ્રસન્ન હોય.

ઓર શ્રીભાગવતકે એ દોય અધ્યાયકો પાઠ કરે ઓર એતન્માર્ગકે ગ્રન્થનકી ટીકા શ્રવણ કરે. ઓર શ્રવણ વિના પ્રભુનમેં મન લગે નાહી. સો કાહેતે-જો ગ્રંથન વિના પુષ્ટિમાર્ગકે સિદ્ધાંતકો ન જાને ઓર વૈષ્ણવકે મુખતે સુને. તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તથા શ્રીગુસાંઇજીકે પુષ્ટિમાર્ગકો સિદ્ધાંત સેવા ક્રિયા સંપૂર્ણ અલૌકિક જ્ઞાનવાન હોય. તબ પ્રીતિ બઢે. સો જબ પ્રીતિ ઉપજી તબ યાકો સર્વ કાર્ય સિદ્ધિ ભયો....ઓર શ્રીસુબોધિનીજી કોઇ નિવેદનીકે મુખતે સુને સો લીલા કો ભાવ સુનિકે અપને હૃદયમેં શુદ્ધ કરિકે રાખે. જો કાહેતે-જો ભગવદ્ માહાત્મ્ય જાને વિના પ્રીતિ ન હોય.

સો સુને વિના જ્ઞાન ન હોય. તાતે ભગવદ્ વાર્તા કો શ્રવણ યાકે લીયે કરે. સો શ્રીઆચાર્યજી મહાપ્રભુજી નવરત્નમેં કહે હે જો, યહ નિવેદન કીયે હે પરંતુ ભગવદીયકો સંગ વિના ઓર શ્રવણ કીયે વિના જ્ઞાન ન હોય. ઓર જ્ઞાન ન હોય તો પ્રીતિ ન હોય, પ્રીતિ ન હોય તો પ્રભુ પ્રસન્ન ન હોય. જેસે જગતમેં દ્રવ્યકો જ્ઞાન હે તાતે દ્રવ્ય સો પ્રીતિ હે. જો કાહેતે-જો દ્રવ્ય કે જ્ઞાનતેં સંસારમેં ચાલે હે, તેસેહી પ્રભુકે ગુણજ્ઞાનતેં પ્રભુકો જ્ઞાન હોય. સો સર્વોપર જાની પ્રીતિ લગે તો સંપૂર્ણ અલૌકિક કાર્ય સિદ્ધિ હોય.

ઓર એતન્માર્ગકે અષ્ટછાપ કે કીર્તન ગાવે ઓર સુનિવેમેં પ્રીતિ રાખે. સો કાહેતે-જો પુષ્ટિલીલા કે દર્શન અષ્ટછાપમેં હે. અન્યમાર્ગ કે કીર્તન જગતમેં અંશકલારૂપ પ્રગટ હોત હે. તિનકે હે. તાતે યહ જાને જો અન્યમાર્ગીયકો કીર્તન

અપને શ્રીઠાકોરજીકી લીલાકે નહીં હે. યહ જાનિકે (અન્ય) કીર્તન ન સુને. અન્ય માર્ગીય અષ્ટછાપકે કીર્તન ગાવે તો તિનકે મુખસો સુને નાંહી. જેસે શ્રીયમુના જલ ઓર કે પાત્રમેં હોય તો પુષ્ટિમાર્ગીય કેસે લેવે ? જો પીવે તો ભ્રષ્ટ હોય જાય તાસો અષ્ટછાપ કે કીર્તન વૈષ્ણવ ગાવે તિનકે મુખમેંતે સુને.

ઓર શ્રીઠાકોરજીકે દર્શન કરિવે...તબ પીઠ ન કરે. દંડવત્ કરે. શ્રીઠાકોરજીકે દર્શન-સેવા કરિકે બહાર નિકસે તબ પીઠ પરે સો બહાર નિકસીકે દંડવત કરે. તબ અપરાધ નિવારણ હોય ઓર શ્રીઠાકોરજીકે સન્મુખ દંડવત્ કરે. પરંતુ શ્રીઠાકોરજીકે પીઠ પાછે દંડવત્ ન કરે. તહાં તો બેઠે નહી સો કાહેમેં જો શ્રીઠાકોરજીકે પીઠ પાછે બહિર્મુખતા હે. સો યાકો હોય. સો દામોદર-લીલામેં-પ્રસંગમેં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી લિખે હે જો શ્રીયશોદાજી શ્રીઠાકોરજીકો પકરનકો આઇ તબ શ્રીઠાકોરજી ભાજે, સો જ્યાં જ્યાં શ્રીઠાકોરજી ભાજે ત્યાં ત્યાં પીઠ દેખે ત્યાં ત્યાં ક્રોધ બઢ્યો ઓર સ્નેહ છુટ્યો. તાતે પ્રભુકે સન્મુખ રહે.

ઓર અપને ગુરુકો સ્વરૂપ અપને હૃદયમેં લાયકે દંડવત્ કરિકે વિજ્ઞપ્તિ કરે જો મહારાજ મેં સંસાર સમુદ્રમેં બુડત હો, તાતે આપુ બાંહિ પકરિકે કાઢો તો નિકસિ જાઉં. ઓર આપકી સરની હોય ઓર આપકી સેવાકો ચોર હું, ઓર સાધન કરિવેમેં હીન હૂં. ઓર આપકે દર્શન વિના ઓર આશ્રય વિના ઓર (બીજો) ઉપાય નાહીં હે. સો મોસરીખે પતિતકો ઉદ્ધાર કરિવેમેં આપહી સમર્થ હો. આપકી કૃપા હોયગી તબ પ્રભુ પ્રસન્ન હોયંગે.

ઓર શ્રીઠાકોરજી અપને ઘરમેં બિરાજે તાતે નિત્ય નિયમસો દોઉ ભાવ ગુરુભાવ-પ્રભુભાવ ઉનમેં રાખે. ઓર શ્રીમુખારવિંદ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી હે. પુષ્ટિમાર્ગમેં ભાવહી મુખ્ય હે. સો લૌકિક દૃષ્ટાંતતેં કહેત હે. એક દેહ સંબંધ, દુજો ભાવ સંબંધ. દેહ સંબંધ અપની બેટી-ભાવસંબંધ અપની બહુ. બેટી અપની દેહ તે પ્રગટી હે પરંતુ પરાયે ઘર જાય તાતે પાલી પોષી હે તોઓ અપને ઘરકી નાહી હે, ઓર બહુ કોઇને પાલી હે ઓર કાહુકી બેટી હે સો ભાવસંબંધતેં ઘરમેં આઇ ઓર માલિકની ભઇ.

જો કાહેતે-જો ઉહાં ભાવ સંબંધ હે. સો દૃઢ હે. સો જેસે દેહ સંબંધી યાદવ તીનકો છોહ (ક્ષય) ભયો ઓર ભાવ સંબંધી જે વ્રજભક્ત તિનકો અપનો પદ દીયો. તેસેઇ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પુષ્ટિમાર્ગ કરિકે જીવનકુ બ્રહ્મસંબંધ કરાયે ઓર ભાવ સંબંધ દૃઢ કરિકે દીયો. સો એસો દાન ભયો હે. પરંતુ પતિવ્રત ધર્મમેં ચલે. તો પ્રભુ પ્રસન્ન હોય. સો તેસેઇ વૈષ્ણવ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમકો અપને પતિ જાને. ઓર ઇનહીકિ સેવા સ્મરણમેં તન-મન-ધન સમર્પન કરે. તો પ્રભુ પ્રસન્ન હોય.

યા પ્રકાર કૃપા કરિકે શ્રીગોકુલનાથજી આપ કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરે ઓર પાછે યહ આજ્ઞા દીયો જો યહ પુષ્ટિમાર્ગકો સિદ્ધાંત (અત્યંત ગોપ્ય હે) કાહુકે આગે મતિ કહિયો, ઓર કેવલ અનન્ય ભગવદીય હોય તો કહિયો. યહ હમારી શિક્ષા હે. ૨૪

।। ઇતિ શ્રીગોકુલનાથજીકૃત ચોવિસમો વચનામૃત સંપૂર્ણમ્ ।।

સ્વરૂપનિષ્ઠા

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

શ્યામદાસ

આ શ્યામદાસ કાયસ્થ જ્ઞાતિના ભટ્ટનાગર હતા અને જમનાદાસ જાનીના સંગી અને સ્નેહી હતા. બન્ને ગુરુબંધુઓ શ્રીગોકુલેશ પ્રભુના નિકટવર્તી અંતરંગ ભગવદીયો હતા. શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખારવિંદમાંથી પ્રગટ થતા વચનામૃતોનું અહર્નિશ પાન કરતા અને ઘરે જઇ અક્ષરશઃ લખી રાખતા હતા.

એક સમય શ્રીગોકુલેશ પ્રભુ સુખશય્યાએ બિરાજમાન હતા ત્યારે શ્યામદાસને પોથી લાવવા આજ્ઞા કરી. શ્યામદાસ પોથી લઇને આવ્યા એટલે કૃપાસિંધુ શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરીઃ 'હું જે ભગવદીયોની વાર્તા કહું છું તે તમે બન્ને લખી રાખો છો તે જ પોથી લાવો અને આ ભગવદીયોના વાર્તા પ્રસંગો મને વાંચી સંભળાવો'. શ્રીગોકુલેશપ્રભુની આજ્ઞાથી શ્યામદાસે પોથી ખોલી અને ભગવદીયોના વાર્તા પ્રસંગો શ્રીગોકુલેશ પ્રભુને વાંચી સંભળાવવા લાગ્યા. રસિક શિરોમણિ શ્રીગોકુલેશ પ્રભુ આ પ્રસંગો ધ્યાનથી શ્રવણ કરતા હતા. પોથીમાં સંગ્રહ કરેલા વાર્તા પ્રસંગોનું શ્રવણ કરીને કૃપાસાગર શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરીઃ 'આમાં બધા જ વાર્તા પ્રસંગોનું મિશ્રણ થઇ ગયુ છે. માટે તેને અલગ કરી સુવ્યવસ્થિત સંકલન કરવું જરૂરી છે.

આમાં કેટલાક વાર્તા પ્રસંગો શ્રીમહાપ્રભુજીના સેવકોના, તો કેટલાક શ્રીગુસાંઈજી પ્રભુચરણના સેવકોના છે. વળી એક વાર્તા પ્રસંગ અમારા જ્યેષ્ઠ ભ્રાતા શ્રીગિરિધરજીના સેવકનો છે તેમજ એક-બે વાર્તા પ્રસંગો અમારા સેવકોના પણ છે.' કૃપાનાથ શ્રીગોકુલેશ પ્રભુએ આ પ્રમાણે પોથીમાંના બધા જ વાર્તાપ્રસંગો અલગ-અલગ તારવીને બતાવ્યા. તેમાંથી ચોરાસી વૈષ્ણવો-શ્રીમહાપ્રભુજીના અને બસોબાવન વૈષ્ણવો-શ્રીગુસાંઈજી પ્રભુચરણના પ્રગટ કરીને દેખાડ્યા. આ પ્રકારે શ્રીગોકુલેશ પ્રભુએ શ્યામદાસ તથા જમનાદાસ જાની દ્વારા, ભાવિ વૈષ્ણવ સૃષ્ટિ ચોરાસી અને બસોબાવન વૈષ્ણવોના વાર્તા પ્રસંગોનું નિત્ય સ્મરણ તથા રસપાન કરી શકે તે માટે અસીમ કૃપાવૃષ્ટિ કરી હતી.

આ શ્યામદાસ શ્રીગોકુલેશ પ્રભુના અનન્યાશ્રિત અને સ્વરૂપાસક્ત ભગવદીય હતા. સદા શ્રીગોકુલેશ પ્રભુના સાનિધ્યમાં જ રહેતા. વિવિધ સમયે શ્રીગોકુલેશ પ્રભુ જે કંઇ વચનામૃત કરતા તે સર્વ પોતાની પોથીમાં નોંધ કરી રાખતા હતા.

આવા પરમ કૃપાપાત્ર ભગવદીયના ભાવનું વર્ણન કરવું અશક્ય છે.

...ક્રમશઃ

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

શ્રીધોલ પદ

જીરે ધન્ય ધન્યરે આજુનો દિન

જીરે ધન્ય ધન્યરે આજુનો દિન શ્રીગોકુલનાથ પધારીઆ;

સુણી સુરનર રે હરખ્યાં મન, કલિયુગ જીવ ઉદ્ધારીયા. ૧

જીરે ધન્ય ધન્યરે શ્રીવિઠ્ઠલ તાત, પ્રગટ પુરુષોત્તમ સુત હવા;

જોતાં જાણ્યું રે અદ્‌ભુત વાત, પૂર્વ પ્રીતે તે પામીયા. ૨

જીરે ધન્ય ધન્યરે શ્રીરુક્મિણી માત, પુત્ર કરી હુલરાવીયા;

એના મુખમાં રે બીડું બરાસ, વૈષ્ણવ જનને દેખાડીઆ. ૩

જીરે ધન્ય ધન્ય રે શ્રીગોકુલ ગામ, વ્રજનાયક વાસો વસ્યા;

તેણે સરીયાં રે સેવકનાં કાજ, મર્યાદી મનમાં હસ્યા. ૪

જીરે ધન્ય ધન્ય રે શ્રીજમુનાજીનાં તીર, નિત્ય નિત્ય નાથ ક્રીડા કરે;

પ્રભુ ઓઢે રે ઉપરણો સાર, તે દીઠડે મારું મન ઢળે. ૫

જીરે ધન્ય ધન્ય રે વ્રજવાસી લોક, વદન નિહાળે વળી વળી;

જોતાં જાણ્યું રે કારણ કોય, મંગલ ગાયે મલી મલી. ૬

જીરે ધન્ય ધન્ય રે ઉત્સવ આજ, શ્રીવિઠ્ઠલજીને બારણે;

ત્યાં તો વાજે રે તાલ પખાવજ, બંદીજન બહુ જશ ભણે. ૭

જીરે ધન્ય ધન્ય રે માગશિર માસ, ઉત્તમ દિન સાતમ ભલી;

મન ઉમગ્યો રે ગાયે દાસ, પહોંચી સહુનાં મનની રલી. ૮

સુખ પામ્યા રે સહિયર સાથ, લીલા દેખે રસમસી;

બલિહારી રે જાય માધવદાસ, એ શોભા મારે મન વસી. ૯

મનપ્રબોધ

વ્યારાવાળા ગોપાલદાસભાઇ વિરચિત

ગ્રંથારંભ કરતા પહેલાં થોડીક ગ્રંથ વિષે સમજીએ. શ્રીમદ્ વલ્લભાધીશ્વરના દ્વિતિયાત્મજ શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણના ચતુર્થકુમાર શ્રીમદ્ ગોકુલેશ પ્રભુના અનન્ય ૭૮ ભગવદીયો પ્રસિદ્ધ છે. જેઓની સ્વરૂપાસક્તિ અદ્વિતીય હતી, તે તેમના દિવ્ય અને અલૌકિક ચરિત્રોમાંથી ઉપલબ્ધ થાય છે. વ્યારાવાળા ગોપાલદાસભાઈ સંપ્રદાયના સર્વાધિક ખ્યાતનામ ભક્ત કવિ અને પરમ કૃપાપાત્ર ભગવદીય થયા છે, અને શ્રીગોકુલેશ પ્રભુની અનન્ય સેવક-સૃષ્ટિમાં તેમના દ્વારા રચિત ગ્રંથોનું આદર અને ભાવપૂર્વક વંચાય છે.

સુજાતી-સ્વજાતી, નો અર્થ એવો થાય છે કે પોતાના સમાનભાવવાળા. જેનો ભાવ સમાન હોય તે સુજાતી અને જેનો ભાવ જૂદો પડતો હોય તે વિજાતી. સમાજમાં આ પ્રથા સામાન્યતઃ આજે પ્રચલિત છે. વ્યારાવાળા ગોપાલદાસભાઈકૃત મન:પ્રબોધ મૂળ ગ્રંથનું પ્રકાશણ વર્ષો પૂર્વ થયેલ જે અપ્રાપ્ત હતું, પુસ્તક જીર્ણ છે, તેના મુખ્ય પ્રતો ઉપલબ્ધ થતા નથી, છતાં એવું જ્ઞાત થાય છે કે રાજકોટ વાલા ગોસ્વામી શ્રીરસિકરાયજીએ પોતાની મૌલિક શૈલીમાં લખી મૂલ ગ્રંથની સરલતાથી સમજ પુરી પાડી છે. આઓ, આપણે પણ આ મનને પ્રબોધન કરનાર મનઃ પ્રબોધ ગ્રંથનું ક્રમશઃ રૂપે રસપાન કરીએ.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

પરમકૃપાપાત્ર ભક્ત શ્રીગોપાલદાસભાઈ વ્યારાવાળાએ સ્વકીય ભક્તોનો અંતરાય દૂર થાય એ માટે મનપ્રબોધ ગ્રંથની રચના કરી. દોહાના રૂપમાં અનન્યમાર્ગરૂપી સાગરને સમેટીને અનન્યતાના માર્ગના પથિકોનો પરમોપકાર કર્યો છે. ગ્રંથનું રહસ્ય અગાધ છે. છતાં વિવેચનકર્તા સાહસ કરી રહ્યાં છે. ગુર્જર વિવેચન આપણા જેવા અલ્પજ્ઞાનીઓ ને સુલભતાથી સમજી શકાય, તે હેતું આપણે હવે આ ગ્રંથનું રસપાન કરીએ. પ્રથમ ૧૩ દોહા વડે ગ્રંથ રચવાનું પ્રયોજન અને ફલશ્રુતિ બતાવીને પછી ૫૭ તુક કવિત્તથી ગ્રંથની રચના કરી છે.

પ્રથમ મંગલાચરણ કર્યું છે :-

પ્રથમ નમન કરિ નવકુંવર શ્રીગોકુલેશ રસરાસ ।
મમ ચિંતા ચૂરો ચતુર પૂરો મનકી આશ ।। ૧ ।।

ગ્રંથના આરંભમાં પોતાના પ્રાણપ્રેષ્ઠ સર્વદા સેવ્ય ચતુર્થકુમારના રસાત્મક સ્વરૂપને નમન કરે છે. ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ માટે મંગલાચરણ કરવાનો શિષ્ટાચાર છે. પરંતુ અહીં ગોપાલદાસભાઈ કેવળ શિષ્ટાચાર માત્ર ન નથી કરતાં, પરંતુ અધિકારી જીવોને વિશેષ બોધ થાય અને રસિક્તાનો આવિર્ભાવ થાય એ માટે સ્વરૂપની સ્મૃતિ કરતાં પોતાના ભાવના સ્વરૂપની સ્મૃતિ થતાં સહજ નમન કરવાની લાગણી પ્રગટ થઇ છે. પછી કે કહ્યું નવકુંવર શ્રીગોકુલેશ પ્રભુ જે સદા નૂતન સુકુમાર જેમનાં સર્વે અવયવો છે. જેમ **દિન દુલ્હે મેરો કુંવર કન્હૈયા**માં ગદાધરદાસજીએ નિત્ય નૂતન સ્વરૂપનું વર્ણન કર્યું છે, તેમ અહીં પ્રાણોથી પણ અધિક પ્રિય સહજ સૌંદર્યને ધારણ કરનાર શ્રીગોકુલપતિનું સ્વરૂપ પણ નિત્ય નૂતન છે.

અહીં કુંવર કહેવાથી એમ શંકા થાય કે કુમાર હોવાથી રસમાં નિપુણ કેમ હોય ? તો કહે છે કે શ્રીગોકુલેશ રસરાસ ગોકુલ લોકવેદાતીત અક્ષરથી પર મૂલ રસાત્મક ધામ છે અને તેમાં વસતા નિ:સાધન ભક્તોનાં ઇન્દ્રિય-દેહ ઇત્યાદિનાં તેમના સર્વસ્વના સ્વામી પરમ ઐશ્વર્યવાન છે અને અપરિમિત રસનાં અથાહ સમુદ્ર છે તેને નમન કરું છું :- એમ કહીને નિજ સ્વામી પ્રત્યક્ષ બિરાજે છે તેમ અનુભવ કરીને ઉત્તરાર્ધમાં કહે છે, 'મમ ચિન્તા ચૂરો ચતુર પૂરો મનકી આશ.'

સામાન્ય જીવ તો અનેક પ્રકારની ચિંતા કરે છે. તેમની ચિંતા લૌકિકાસક્તિ અને કામનાને કારણે થાય છે. પરંતુ ઉત્તમ રસના અધિકારી કૃપાપાત્રને ચિંતા એ હોય છે કે જે સ્વરૂપનું નિત્ય અનુસંધાન રહેવું જોઇએ જેમાં વિક્ષેપ આવે ત્યારે રસભાવની એકતાનતાની વિસ્મૃતિ થાય એવે સમયે ભાવ શિથિલ થાય એ સમયે ચિંતા થાય છે. લૌકિક જીવની સંપત્તિ ધન છે જ્યારે અલૌકિક ભક્તની સંપત્તિ તેમનો રસભાવ છે. એ રસભાવમાં વિક્ષેપ આવે ત્યારે ચિંતા થાય છે.

એ ચિંતાનો સમૂળ નાશ કરવામાં શ્રીગોકુલપતિ જ સમર્થ છે. પરમ ચતુર છે માટે તેમને વિજ્ઞપ્તિ કરે છે કે મારી ચિંતાનો નાશ કરો અને મારી અલૌકિક આશા પૂર્ણ કરો. અહીં આશા પૂર્ણ કરવાની જે વિનંતી છે તેથી વિચાર થાય છે કે ગોપાલદાસભાઇને એવી કઇ અભિલાષા યા આશા છે કે જે પૂર્ણ કરવા માટે શ્રીગોકુલેશ પ્રભુ પાસે વિજ્ઞાપન કરી રહ્યાં છે, તો બીજા દોહામાં કહે છે કે :-

આશ એક તુમ દરસકી, પરસ પરમ સુખરૂપ।

દરસ પરસ રસદાનકે દાતા શ્રીગોકુલભૂપ ।। ૨ ।।

ગોપાલદાસભાઇ કહે છે કે આપશ્રીનાં (શ્રીગોકુલેશજી) દર્શનની જ એક માત્ર આશ છે. આપનો સ્પર્શ તો પરમ સુખરૂપ છે અને આપતો દરસ પરસ અને રસદાનનાં દાતા છો. પરંતુ અમે તો કેવળ દર્શનની અભિલાષા રાખીએ છીએ. અમારી યોગ્યતા પણ આટલી જ છે. પરંતુ આપ પરમ કરૂણાલ થઇને પરમ સુખરૂપ એવા સ્પર્શનું રસરૂપ દાન કરો છો. કારણકે અન્ય દાતા તો સન્મુખ આવેલાની જે યાચના છે એટલું જ આપે છે. પરંતુ આપનાં દ્વારા તો સ્વકીય ભક્તોને પોતાનાં દર્શન માત્રથી વિના યાચના કર્યે જ રસની અનુભૂતિ કરાવો છો.

ગોકુલભૂપ-કહેવાનો આશય ભક્તોની સર્વેન્દ્રિયોનાં પતિ અર્થાત્ રક્ષણ કરનાર છે. એટલે કે સ્વકીયની ઇન્દ્રિયોનું લૌકિક વિષયનું આકર્ષણ નાશ થાય અને અલૌકિક રસને પ્રાપ્ત કરવાની યોગ્યતા થાય. આપનાં સ્વરૂપમાં અનન્ય આસક્તિ થવાથી ભક્તો પરમ નિર્દોષપણાને જ નહીં પરંતુ રસરૂપતા પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે ગોપાલદાસભાઇએ પરમ રસિક શિરોમણિ શ્રીગોકુલપતિનાં સ્વરૂપનું પ્રતિપાદન કર્યું.

...ક્રમશઃ

ગ્રંથકર્તા વ્યારાવાળા ગોપાલદાસભાઇજી, સંયોજન-વિવેચનકર્તા ગો.શ્રીરસિકરાયજી.

|| विष्णुदास विरचित - श्रीगोकुलेशाष्टोत्तरशतनाम स्तोत्रम् ||

यन्नामाब्जं सदापूर्णं कृपाज्योत्स्नासमन्वितम् ।

पुष्टिभक्तिसुधावृष्टिकारकं च सुखास्पदम् ॥ १ ॥

अथ नामशतं साष्टं वल्लभस्य वदाम्यहम् ।

देवता वल्लभो नाम्नां छंदोऽनुष्टुप् सुखकारम् ॥ २ ॥

फलं तु तत्पदाम्भोजे व्यसनं सर्वदा भवेत् ।

ऋषिस्तु विष्णुदासोऽत्र दासाय वरणं मतम् ॥ ३ ॥

[१]वल्लभो [२]गोकुलेश्च [३]विट्ठलेशप्रियात्मजः ।

[४]ताततुल्यस्वभावस्थो [५]व्रजमङ्गलभूषणः ॥ ४ ॥

[६]धराधरस्नेहदान्तो [७]निर्दोषविग्रहः ।

[८]भजनानन्दपीयूषपूर्णो [९]मञ्जुदृगञ्चलः ॥ ५ ॥

[१०]दासवृन्दचकोरेन्दुः [११]करुणादृष्टिकृत् ।

[१२, १३]षट्कर्मवाञ्छनाधारः [१४]प्रतीतः [१५]पुरुषोत्तमः ॥ ६ ॥

[१६]रासलीलाविष्टचित्तो [१७]गोपीवल्लभवल्लभः ।

[१८]गृहस्थधर्मकर्ता च [१९]मर्यादामार्गरक्षकः ॥ ७ ॥

[२०]पुष्टिमार्गस्थितो नित्यं [२१]कृष्णप्रेमरसात्मकः ।

[२२]द्विजदारिद्र्यदुःखघ्नो [२३]वाञ्छाकल्पतरु [२४]र्महान् ॥ ८ ॥

[२५]अनन्यभक्तभावज्ञो [२६]मोहनादि सुखप्रदः ।

[२७]वल्लभेष्टप्रदो नित्यं [२८]गोकुलप्रीतिवर्धनः ॥ ९ ॥

[२९]दासजीवनपश्च [३०]कंदपार्दपिसुन्दरः ।

[३१]पादपद्मरसस्पर्शसर्वारिष्टनिवारक: ।। १० ।।

[३२]मालारक्षणकर्ता च [३३]शुद्धसत्कीर्तिवर्धन: ।

[३४]दुष्टानां दोषहन्ता यो [३५]भक्तनिर्भयकारक: ।। ११ ।।

[३६]इन्द्रादिभिर्नतो [३७]दक्षो [३८]लावण्यामृतवारिधि: ।

[३९]रसिको [४०]द्विजराजाख्यो [४१]द्विजवंशविभूषण: ।। १२ ।।

[४२]असाधारण:सद्धर्मा [४३]साधारो [४४]जनाश्रित: ।

[४५]क्षमावान् [४६]क्रोधमात्सर्यतिरस्कारादिवर्जित: ।। १३ ।।

[४७]गोपीकान्तो [४८]मनोहारी [४९]दामोदरगुणोत्सव: ।

[५०]विहारी [५१]भक्तप्राणेशो [५२]राजीवदललोचन: ।। १४ ।।

[५३]मुकुन्दानुग्रहोत्साहो [५४]भक्तिमार्गरसात्मक: ।

[५५]भक्तभाग्यफलं [५६]धीरो [५७]बन्धुसज्जनवेष्टित: ।। १५ ।।

[५८]वचनामृतमाधुर्यतृप्तसेवकसंस्तुत: ।

[५९]नित्योत्सेवो [६०]नित्यश्रेयो [६१]नित्यदानपरायण: ।। १६ ।।

[६२]भवबन्धनदु:खघ्नो [६३]महदाधिविनाशक: ।

[६४]रसभावनिगूढात्मा [६५]स्वीयेषु ज्ञापिताशय: ।। १७ ।।

[६६]नयनानंदकर्त च [६७]विश्वमोहनरूपधृक् ।

[६८]श्रृतिस्मृतिपुराणादि शास्त्रतत्त्वार्थ पारग: ।। १८ ।।

[६९]सर्वदा दासावधानश्च [७०]प्रसन्नमुखपङ्कज ।

[७१]कटाक्षस्मितभ्रूभङ्गमानिनीमानहारक: ।। १९ ।।

...क्रमश:

જૈ જૈ શ્રીગોકુલેશ

ધન્ય રે વેળા ધન્ય એ ઘડી

ધન્ય રે વેળા ધન્ય એ ઘડી, ધન્ય તે દિવસ ને રાતજી;
જ્યારે શ્રીવલ્લભરાય પ્રગટિયા, સઘળે જણાવી છે વાતજી. ૧
ઘેર ઘેર હોયે વધામણી, ઉલટ અંગ ન માયજી;
જુવતીના જૂથ ટોળે મળી, સહુ તે વધાવાને જાયજી. ૨
અમૃત પીધું રાણી રુક્મિણી, જ્યાં પ્રગટયો વ્રજનો ભૂપજી;
રત્ન અમોલિક એહ છે, એહ અલૌકિક રૂપજી. ૩
ઉદ્યોતકાર સઘળે હવો, કીધો છે તિમિરનો નાશજી;
જેજેકાર વરતી રહ્યો ચોખંડે હવો તે પ્રકાશજી. ૪
પરમ ઉદાર ઉદે હવા, એ કારણ વલી એહજી;
ભક્ત ઉપર કરુણા કરી, ભૂતલ ધરિયો છે દેહજી. ૫
દરશન દીજે દયા કરી, અબળા કરી, અબળા તણો રે આધારજી;
રૂપાંબાઈ જાયે વારણે, વિલંબ ન કીજે તે લગારજી. ૬

કવિત્ત

જા કલેશતેં કલેશ પ્રતિછિનુ બાઢત હે,
સો કલેશ પાયે તેં કલેશ હાથ આવેગો;
સો કલેશ કરિ, જો કલેશ હરે આદિ હું તે,
લેશ ન કલેશ ગોકુલેશ મન ભાવેગો;
વિપ્રયોગ રસ અનુભવકો કલેશ કરિ,
યાહિ કલેશમાંઝ છિનુ છિનુ સુખ પાવેગો;
યા કલેશમાં જ કલેશ તેરો ન રહેગો કછુ,
જો તૂ યહ કલેશ મન નીકે કરિ લાવેગો. ૨૫

|| ShriGokulesho Jayati ||

ShriSarvada sevya ShriDadajI ShriGokuleSh prabhu's commentry on

Bhaktivardhini

(Strengthening Devotion)

Breifing of Bhakti Vardhini..............

This is a work of 11 Verses indicating the way for the development of *Bhakti* (Devotion). Devotion is of two kinds -- *Saadhan Rupa* (Nine-fold devotion-Navadha Bhakti) and *Sadhya roopa* (expressed through love). The first is considered as a means like knowledge,etc., the second is as an end in itself. To acquire fitness for the grace of God, the devotee should have love for God. This is a spontaneous feeling, which should not remain static but should grow from moe to more like a plant or a tree, which springs from a seed (*bij bhaav*).

But if the seed is not strong enough (*dhradh*), it's growth will stunted. Sush a plant will have only a short period of existence. Care should be taken to keep the seed of devotion (*bhakti's bij bhaav*) by means of renunciation, hearing (*shravan*) and singing praises of God. The devotee should stay at home (*gruhesthitva*) and be engaged without any distractions, in worship, hearing, etc. Inspite of distractions, he should not give up concentrating his mind in God.

Thus only love for God will spring in his heart. There are three phases in the development of devotion--Sneha, Aasakti, and Vyasana. When devotion culminates into *Vyasana*, it is a sign of the fruition in the form of the Grace of God. His love for God, reciprocated by love of God is a reward in itself. These three stages are distinguished by their characteristics mentioned in verse 4. In Vyasana, the devotee completely forgets the world and fixes his mind only in God by complete detatchment from the worldly state.

When he enters this stage, God Himself comes to him, and showers and pours His Grace on him, so that the devotion now reaches the climax and its ultimate goal. God-the Ultimate Reality- is identified with ShriKrishna in the Geeta. There ShriKrishna says to Arjuna that he is the Supreme Reality, omnipotent, omniscient, and all pervading. He is endowed with six attributes (Yash, shri, gyan, etc.) i.e. greatness, potency, glory, beauty, knowledge and disgust for the world.

He is the majestic ruler and master of the world, superior to Akshara, Which is no doubt Being(sat), Conciousnes(Chitt) and Joy (bliss-anand) form of God, yet it's joy is limited. He is designated in the Taitriya Upanishad as a *Rasa* -- Love and is perfect joy. This being the conception of God according to ShriMahaprabhuji, He is to be realised or His joy is to be experienced by the devotee by love that

transcends all other kinds of love. The devotee must love God for His own sake in the state of Union with God and listening to or singing praises of God when not engaged in service. -- the sepereation.

The *Vyasana* however is the final state in which the devotee's soul acheives it's object of participation into the joy of God, with Him. It is the state when the devotee cannot bear seperation from God even for a moment. In this stage, the devotee's soul is completely detached from the world and comes very close to God, so that God is drawn to him, by the force of his extreme love for Him. This means that the world must be completely renounced and one's mind must be thinking of God and God alone.

For this he should cut off all the ties of family life and social relations. He should live only in the company of the Devotees who have acquired God's Divinity, far from busy throngs of man, in holy places

Gruhasthanam Badhakatvanamanatmatvam Cha Bhasate ||

Yada Syad Vyasanam Krishne KRutho Syatdaiv ||

...where there is a complete immunity from all external distractions. If one fears the possibility of distractions even in secluded places, the idea of residing there should be given up and one should stay in convenient place relying on a God as Protector. He should remember that God will not forsake the devotee's soul, when once its love is accepted by Him. In this work ShriMahaprabhuji vounches for the fact that the soul's devotion expressed through love-developing through *Sneha, Aasakti, and Vyasana*, will be appreciated by God.

Now will like to share for the Vaarta Prasangs . This granth was done prakat by ShriMahaprabhuji in the blessing Purushottam Joshi. So vaishnavas, request to share the vaarta......

The Blossemed Flower spreads the Smell, similarly The begining of PushtiBhakti is due to the Pushti-Anugrah-Krupa of ShriPrabhu-ShriGurudev. Untill ShriPrabhu does not step forward for the Jeev to take under Surrender, till then the Jeev is not able to step ahead towards ShriPrabhu. The PrabuKrupa gets born from ShriPrabhu, and goes towards the Daivi Jeev, and that is called as "**Pushti**" And due to this Krupa only the jeev gets encouraged to step ahead to attain ShriPushtiBhakti, PushtiPrabhu. We find such Krupa examples from our Vaarta Prasangs. In relation to this Sacred Book of Bhaktivardhini.

Once it so happened that ShriMahaprabhuji was doing Prithvi Parikrama and Aapshri was at Gujarat. And Purushottam Joshi was doing Sandhya during the time of Noon in a Pond. So ShriMahaprabhuji came to that pond for Sandhya Vandan, and Aapshri started doing Sandhya Vandan. Then ShriMahaprabhuji gave Eye on Purushottam Joshi, and with Grace-krupa-pushti-anugrah, as he being a Daivi-Jeev. During Such time of Noon, ShriVallabh, who is **Bhaktimaragjmartand** spreaded one of the ray of grace on Purushottam Joshi, Here the Nimit for Krupa was Sandhya Vandan to bring this Daivi Jeev for the Great Path of Bhakti.


ShriMahaprabhuji just gave an eyesight, Did krupa on Purushottam Joshi, from here the process of strentghing ***Bij-Bhaav*** starts for Purushottam Joshi. So When Pushti, ShriMahaprabhuji did on Purushottam Joshi, Purushottam Joshi, found This Swaroop something different from the other Mahapurushs - Saints. So Even Purushottam Joshi noticed that This Swaroop is catching him by inner rays and he comes near to ShriMahaprabhuji and does request by asking this question ..."First did namaskar to ShriMahaprabhuji, and did vinanti **Maharaj, Which path is bigger? KarmaMarga or GyanMarga??**" Such type of question arised in the minds of Purushottam Joshi is Krupa only.

And first did **Namaskaar**, because any of the jeev can only do naman to ShriPurushottam (Swaroop or Aacharya). Just as ShriMahaprabhuji does **Namami** in ShriYamunastakam, Naman. For the questions's answer ShriMahaprabhuji gave the orders "**It is the individual, who finds the marg as big or small or best. Which suits and which inspires his inner that marg is Best. The marg, which gives the faith to the devotee is the Best. But The best Path in Kali is Bhaktimarg, in which the Jeev gets Liberated and Krutarth. "**

Purushottam Joshi was in the dilema of Karmamarg, and Gyan marg, but was not notified to Bhaktimarg. So ShriMahaprabhuji here adds more grace to Purushottam Joshi to do Bhakti, and make the ***Bij-Bhaav*** more strong for Bhakti. ShriMahaprabhuji Knows that Purushottam Joshi is a Daivi Jeev, So Aapshri doesnot give answer to his question that *The Best Marg from karma or Gyan, But shows that Bhaktimarg is the Best*. Such way This Sacred book of strengthening Devotion came to existence......

ShriGokulnath Ki Jai





તાત તણો પ્રતિબિંબ રે રસના

વર્ષ ૩ અંક ૩
શ્રીઅપરા એકાદશી વ્રત
વૈશાખ વદ ૧૧, ૨૦૬૬

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય શ્રીગોકુલમેં શ્રીગોકુલનાથજીકે સન્મુખ વૈષ્ણવકું ચરણાસ્પર્શ કરાવતી બીરિયાં આપને આજ્ઞા કીની જે, ઓર ઘરકે બાલકકી જુઠન મત લીજો, ઓર વાકે ચરણાસ્પર્શ મત કરીયો, ઓર અન્યાશ્રય મત કરીયો, ઓર જેસે દેખેહે તેસો સ્વરૂપ હૃદયમેં ધારણ। કરીયો..એસી આજ્ઞા કર વૈષ્ણવકે દો હાથ પકડકે ચરણાસ્પર્શ કરાયે. ૮૭